અપીલ અરજી નં.૨૭૫ તા .૨૦–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી શેખ ઈદરીશહુશેન અબ્દુલ હુશેન
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બીઆરટીએસ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શેખ ઈદરીશહુશેન અબ્દુલ હુશેનની તા. ૧૧–૮–૧૧ની અરજીથી મુદ્દા નં (૧)ઉધના દરવાજા સચીન સુધીના બી.આર.ટી.એસ રોડના કામ બાબતે આવેલ ટેન્ડરોની સંખ્યા,નામ સરનામું અને ટેન્ડરની રકમની વિગત મુદ્દા નં.(૨) મંજુર થયેલ ટેન્ડર વર્ક ઓર્ડર અને નામ સરનામાની વિગત અને મંજુર થયેલ રકમ વિ. મુદ્દા નં.(૧) થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૭૫/૨૦૧૧–૧૨

શ્રી શેખ ઈદરીશહુશેન અબ્દુલ હુશેનની તા. ૧૧–૮–૧૧ની અરજીથી મુદ્દા નં (૧) ઉધના દરવાજા સચીન સુધીના બી.આર.ટી.એસ રોડના કામ બાબતે આવેલ ટેન્ડરોની સંખ્યા,નામ સરનામું અને ટેન્ડરની રકમની વિગત મુદ્દા નં.(૨) મંજુર થયેલ ટેન્ડર વર્ક ઓર્ડર અને નામ સરનામાની વિગત અને મંજુર થયેલ રકમ વિ. મુદ્દા નં.(૧) થી (૮)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારને તપાસણી માટે કોઈ તક આપેલ કે કેમ ? તે જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૪૯ તા.૩૦–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બીઆરટીએસ) તથા અરજદારને અપીલના મુદ્દા નં. ૬(ખ) તથા ગ(૧) ની રજુઆત અંગે કોઈ આધાર હોય તો રજુ કરવા તથા અપીલ દરમ્યાન તપાસણીની તક મળેલ હોય તો વિગત જણાવવા તથા તે પછી પણ નારાજગી હોય તો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.બીઆરટીએસ/આ.નં.૬૦૧ તા.૪–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.બીઆરટીએસ સેલ/આ.નં.૪૫૬ તા.૨૪–૮–૧૧ નો પત્ર અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૧–૮–૧૧ થી અરજીથી ઉધના દરવાજા સચીન સુધીના બી.આર.ટી.એસ રોડના કામ બાબતની માહિતી માંગતી અરજી મુદ્દા નં.૧ થી ૮ અંગે સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તા.૨૦–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.બીઆરટીએસ સેલ/આ.નં.૪૫૬ તા.૨૪–૮–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજીના મુદ્દા નં.(૧) ઉધના દરવાજા સચીન સુધીના બી.આર.ટી.એસ રોડના કામ બાબતે આવેલ ટેન્ડરોની સંખ્યા,નામ સરનામું અને ટેન્ડરની રકમની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉધના દરવાજાથી સચીન સુધીના બીઆરટીએસ રોડના કામ બાબતે કુલ–૦૭ ટેન્ડરો આવેલા. (૧) નીરજ સીમેન્ટ સ્ટ્રકચરલ્સ પ્રા.લી. અને ગુજરાત કન્સ્ટ્રકશન કું. લી. (J.V) નીરજ હાઉસ , સુંદરબાગ, દેવનાર બસ ડેપો પાસે, ચેમ્બર, મુંબઈ–૪૦૦૦૮૮ (૨) કયુબ કન્સ્ટ્રકશન એન્જી. લી. અને રેલ્કોન ઈન્ફ્રા પ્રોજેકટસ પ્રા.લી. (J.V) ચંદ્રમણી નગર, વિદ્યાવિહાર સ્કુલ લેન, હાઈ ટેન્શન રોડ, સુભાનપુરા, વડોદરા–૩૯૦૦૨૩ (૩) રાજદીપ બિલ્ડકોન પ્રા.લી. અને રોહન જયદીપ ટોલવેઝ લી. રાજદીપ હાઉસ સાવેદી, અહેમદનગર–૪૧૪૦૦૩, મહારાષ્ટ્ર (૪) રણજીત બિલ્ડકોન લી. અને યુનિક કન્સ્ટ્રકશન (J.V) શીલ્પા ગેરેજની પાછળ, મથુરાનગર, હાઈવે , મહેસાણા–૩૮૪૦૦૨ (૫) (RPS) ઈન્ફ્રા પ્રોજેકટસ પ્રા.લી. એસબી એન્ટર પ્રાઈઝીઝ અને પ્રગતિ એન્ટર પ્રાઈઝીઝ (J.V) પહેલા માળ, સી–૧૧૩, શ્યામ કમલ ૨૭, તેજપાલ રોડ અગ્રવાલ માર્કેટ, વીલે પાર્લે (ઈ) મુંબઈ–૪૦૦૦૫૭. (૬) બેકબોન એન્ટરપ્રાઈસ લી. અંબિકા હાઉસ, હોટેલ ગ્રાન્ડ ભગવતી પાસે, બોડકદેવ, એસ.જી. હાઈવે અમદાવાદ–૩૮૦૦૫૪ (૭) મે. પટેલ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી. અને મે. કૃણાલ સ્ટ્રકચર લી. (J.V) " પેટકોન હાઉસ" બીજો માળ, કોટેચા ચોક કાલાવાડ રોડ રાજકોટ. જણાવી સાથે ટેન્ડરની રકમ રૂા.૭૮,૨૧,૦૦,૦૦૦–૦૦ જણાવેલ.

મુદ્દા નં.(૨) મંજુર થયેલ ટેન્ડર વર્ક ઓર્ડર અને નામ સરનામાની વિગત અને મંજુર થયેલ રકમ વિ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ અન્વયે અને વર્ક ઓર્ડર બી.આરટીએસ સેલ/આ.નં.૦૩ તા.૧૦–૮–૦૯ થી કયુબ કન્સ્ટ્રકશન એન્જી. લી. અને રેલ્કોન ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી. (J.V) ના નામે ઈસ્યુ થયેલ અને તેનું સરનામું ચંદ્રમણી નગર, વિદ્યાવિહાર સ્કુલ લેન હાઈ ટેન્શન રોડ, સુભાનપુરા વડોદરા –૩૯૦૦૨૩ છે. સદર કામની મંજુર થયેલ ટેન્ડર રકમ રૂા.૭૮,૨૧,૦૦,૦૦૦–૦૦ છે. તેવું જણાવેલ છે. (૩) ટેન્ડરના શરતો અને નિયમોની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેન્ડરની શરતો અને નિયમોની માહિતી બાબતે જણાવવાનું કે તમારા સવાલમાં ટેન્ડર મેળવવા માટે/ટેન્ડર ભરવા માટે કઈ બાબતે ટેન્ડરની શરતો અને નિયમોની માહિતી માંગેલ છે તે સ્પષ્ટ થતું ન હોય અ ત્રેથી માહિતી આપી શકાતી નથી. તેવું જણાવેલ છે. (૪) કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા ૧૮ માસની છે. તેવું જણાવેલ છે. (૫) બીઆરટીએસ રોડ પર બનાવવામાં આવતા બસ સ્ટેન્ડની સંખ્યા, સ્ટેન્ડની લંબાઈ તેમજ પહોળાઈ શકય હોય તો એ–૪ સાઈઝમાં પ્લાનની કોપી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉધના દરવાજા સચીન આશીષ રેસ્ટોરન્ટ સુધીના બીઆરટીએસ કોરીડોર પર અંદાજે દર ૫૦૦ મીટરે એક બસ સ્ટોપ આવશે જેની અંદાજીત સંખ્યા ૨૦ થી ૨૧ નંગ થઈ શકે બસ સ્ટેન્ડની લંબાઈ ૬૪.૬૫ મી. છે. અને પહોળાઈ ૪.૫ મી. છે. જેની એ –૪ સાઈઝમાં પ્લાનની નકલ રૂા.૨/– ભર્યેથી મેળવી શકશો. તેવું જણાવેલ છે. (૬) રોડ આરસીસી બનાવવામાં આવનાર છે કે નહીં ?જો હોય તો એમાં સ્ટીલ વાપરવામાં આવશે કે નહી? અને જો હા હોય તો સ્ટીલના માપની વિગત તેમજ અંદાજિત કુલ સ્ટીલનો વપરાશની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી બીઆરટીએસ કોરીડોરમારોડ આરસીસી બનાવવામાં આવનાર નથી જેથી અન્ય કોઈ વિગતો લાગુ પડતી નથી. તેવું જણાવેલ છે. (૭) બીઆરટીએસ રોડ પર ફુટપાથ બનાવવાની હોય તેની પહોળાઈ, ઉંચાઈ અને કયા મટીરીયલ્સના ઉપયોગ કરવામાં આવનાર છે તેની વિગત. તેવા પશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ફુટપાથ બનાવવાનું આયોજન છે જે રોડની પહોળાઈ મુજબ ૫૦૦ મી.મી. થી ૧૦૦૦ મી.મી. પહોળાઈની રહેશે. તેમજ ઉંચાઈ આશરે ૫૦ મી.મી. ની રહેશે. જંકશન પાસે જે તે જંકશનની લંબાઈ–પહોળાઈ આધારે ફુટપાથની પહોળાઈ તથા ઉંચાઈમાં ટ્રાફીક એન્જીનીયરીગ ધ્યાને લઈ વધારો–ઘટાડો કરવામાં આવશે. તેવું જણાવેલ છે. (૮) તા.૩૦–૬–૧૧ સુધી થયેલ કામગીરીના રીપોર્ટ તેમજ ટેન્ડરના બીલોની ઈન્સ્પેકશન આપવાની તાત્કાલીક વ્યવસ્થા કરશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૩૦–૬–૧૧ સુધી આશરે ૨૨.૦૮% કામગીરી પૂર્ણ થયેલ છે વધુમાં ટેન્ડરના બીલો અંગે જણાવવાનું કે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા હોય તા.૭–૯–૧૧ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે ટેન્ડર કલાર્ક પાસે આવી સદરહુ કામના ટેન્ડરના બીલો તેમજ બીઆરટીએસ સેલની કચેરીમાં કામગીરી બાબતનો રીપોર્ટ આરટીઆઈ એકટની નિયત કરેલ સમય મર્યાદામાં ઈન્સ્પેકશન કરી શકો છો. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી અરજદારે તા.૨૦–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. વધુમાં અપીલના મુદ્દા નં.૬ (ખ) નિર્દિષ્ટ સમયગાળામાં રૂબરૂ મળેલા પ્રતિભાવમાં સંસદીય પ્રણાલીથી વિરુધ્ધ શબ્દનો ઉપયોગ કરી અરજદારનું અપમાન થયેલ છે તેમજ ગ(૧) ઈન્સ્પેકશન માટે સાત દિવસમાં જવાબ મળવો જોઈએ તે મળેલ નથી જે બાબતે અરજદારે મુળ અરજીમાં ઈન્સ્પેકશન માંગેલ હોય, ઈન્સ્પેકશન એ પણ મુળ અરજીની માહિતીનો ભાગ હોઈ તેને માહિતી આપવા અંગેની જોગવાઈઓ તથા સમય મર્યાદા લાગુ પડે. તથા મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવામાં આવેલ નથી જે બાબતે અરજદારને નિયત સમય અવધિમાં બીઆરટીએસ/૪૫૬ તા.૨૪–૮–૧૧ થી અરજદારને માહિતી તથા ઈન્સ્પેકશન અંગે નિયત સમયમાં માહિતી પૂરી પાડેલ છે આથી અરજદારના દાવાને સમર્થન મળતું નથી. જે અંગે બંને પક્ષકારોને અપીલ તબકકે પૂરક પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી અપીલના મુદ્દા નં.૬(ખ) અને ગ(૧) ની રજૂઆત અંગે કોઈ આધાર તથા તપાસણીની તક મળેલ હોય તો તે જણાવવા પત્ર પાઠવી તક આપવામાં આવેલ. તેમ છતાં અરજદાર તે અંગે વિગતો રજૂ કરવામાં સફળ રહેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નિયત સમય અવધિમાં મુદ્દા નં.૮ અંગે ઈન્સ્પેકશન માહિતી સાથે સમય મર્યાદામાં કરવા જણાવેલ છે. વધુમાં જાહેર.માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં પણ તા.૭–૯–૧૧ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે ટેન્ડર કલાર્ક પાસે આવી ઈન્સ્પેકશન કરી જવા જણાવેલ. જેમાં ઈન્સ્પેકશન માટે ઓનલાઈન ટેન્ડરની પ્રક્રિયા હોવા બાબતે કારણ સહિત જણાવવામાં આવેલ છે. વધુમાં જે અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં તેઓ ઈન્સ્પેકશન કરવા આવેલ નથી તેવું પણ જણાવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર તપાસણી કરી માહિતી મેળવી લેવા જાહેર માહિતી અધિકારીએ નિયત સમય અવધિમાં કરેલા પ્રસ્તાવ અનુસાર અરજદાર જાહેર માહિતી અધિકારીને ઓફિસ કામકાજ દરમ્યાન દિન–૭ માં આગોતરો સમય મેળવી તપાસણી કરવા તથા મુદ્દા નં.૩ સહિતની ખપ પૂરતી નકલો આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ ની જોગવાઈ હેઠળ મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બીઆરટીએસસેલ), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી શેખ ઈદરીશહુશેન અબ્દુલ હુશેન